# બનાસ મેડિકલ કોલેજ હોસ્પિટલના આધુનિક સાધનો કોરોના મહામારી સમયે દર્દીઓને સારવાર માટે મદદરૂપ બન્યા

કોરોના મહામારીની વૈશ્વિક પરિસ્થિતિને જોતા ખ્યાલ આવે છે કે કોરોના સંક્રમિત દર્દીઓ અને એમાં પણ જે પહેલેથી બીજી બિમારીઓ જેવી કે ડાયાબિટીસ, હદયરોગ, હાયપરટેન્શન(બીપી), શ્વાસ(દમ), કેન્સર ધરાવતા હોય કે મોટી ઉંમર હોય તેવા દર્દીઓને માટે સંક્રમણ ઘાતક નીવડે છે. આવા દર્દીઓમાં કોરોના ચેપ સમયે મૃત્ય થવાનું જોખમ વધારે રહે છે. આપણા વિસ્તારના દર્દીઓને અત્યાધુનિક ઉપકરણોના ઉપયોગ વડે તજજ્ઞો દ્વારા સારવાર આપવામાં આવે તો સારા પરિણામ મળે.



બનાસકાંઠાના દર્દીઓની સારવાર માટે બનાસ ડેરી પ્રેરિત ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત બનાસ મેડિકલ કોલેજની કોવિડ હોસ્પિટલમાં અનેક અત્યાધુનિક મેડિકલ સાધનો વસાવવામાં આવ્યા છે.

જેમાં નિદાન માટે સીટી સ્કેન, સોનોગ્રાફી, એક્ષ-રે, રેપીડ કીટ, લેબ ઓટો એનાલાઈઝર, સીઆર સિસ્ટમ અને સારવાર માટે વેન્ટીલેટર, લેરીન્ગોસ્કોપ, બાયપેપ, અંબુબેગ, PPE kit, ડાયાલીસિસના સાધનો વગેરે ઉપલબ્ધ છે.

પોર્ટેબલ એક્ષ-રે મશીન પણ કોવિડ હોસ્પિટલ માટે અલગથી વસાવવામાં આવ્યું છે.

આ સાથે જ હવે કોરોના અને શ્વસન રોગોના ગંભીર કેસની સારવાર માટે અતિ મહત્વનું આધુનિક અને કિંમતી આર્ટરીયલ બ્લડ ગેસ (એબીજી) એનાલાઈઝર મશીન પણ ટ્રસ્ટ દ્વારા વસાવવામાં આવ્યું છે. આ મશીન દ્વારા દર્દીના આર્ટરીયલ બ્લડમાં કેટલા પ્રમાણમાં ઓક્સિજન, કાર્બન ડાયોકસાઈડ, પીએચ, ઈલેક્ટ્રોલાઈટ્સ છે તે તરત જાણી શકાય છે. આ માહિતીનું પૃથકરણ કરી તેના આધારે બીમારીની ગંભીરતા જાણી તે પ્રમાણે તજજ્ઞો દ્વારા અસરકારક સારવાર તરત આપી શકાય છે. જેનાથી પરિણામો સારા મળે છે. આવા અતિ આધુનિક ઉપકરણોનો ઉપયોગ કરવામાં આવે તો દર્દીની જીંદગી બચી શકે છે.

આ બાબતને ધ્યાનમાં રાખી બનાસ મેડિકલ કોલેજના નિષ્ણાત તજજ્ઞો દ્વારા હોસ્પિટલમાં ફરજ બજાવતા મેડિકલ ઓફિસરો, લેબોરેટરી ટેકનીશીયનો, નંર્સિંગ સ્ટાફ તથા સફાઈ કામદારોને જરૂરિયાત મુજબની તાલીમ આપવામાં આવેલ છે. આવા પ્રકારની



તાલીમથી કર્મચારીઓમાં ફરજ પ્રત્યેની સભાનતા થતા ઉત્સાહમાં વધારો થાય છે. જેનાથી દર્દીઓની સારવાર અને હોસ્પિટલની તમામ કામગીરી નિયત કરેલી ધારાધોરણ પ્રમાણેની વૈજ્ઞાનિક પધ્ધતિથી થાય છે.

જિલ્લામાં બનાસ મેડિકલ કોલેજની સ્થાપના થવાથી નિષ્ણાત તજજ્ઞોની સેવાઓ ઉપલબ્ધ થવાને કારણે સ્વાસ્થ્ય ક્ષેત્રે વિવિધ પ્રકારની કામગીરી હાથ ધરાઈ રહી છે. જેનો ફાયદો જિલ્લાવાસીઓને થાય છે. જેના પરિણામે કોરોના મહામારીમાંથી બનાસકાંઠાના દર્દીઓ ઝડપથી સજા થઈ ઘરે પાછા ફરે છે.

# મોડાસાના ભાગોળ જેવા વિસ્તારને કન્ટેનમેન્ટ જાહેર કરાયા

મોડાસા, તા. ૨૭

ગુજરાતના અમદાવાદમાં કોરોનાના કેસોમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે ત્યારે અરવલ્લી જિલ્લામાં અત્યાર સુધીમાં કોરોનાના ૧૧૦ પોઝીટીવ કેશો મળી આવતા જિલ્લા વહીવટીતંત્ર ચિંતિત બન્યું છે, હાલમા લોકડાઉન અને રાત્રે કરફયુની અમલવારી થઈ રહી છે. લોકો લોકડાઉનનું સંપૂર્ણપણે પાલન કરી રહ્યા છે તેમ છતાં કોરોનાની સંખ્યાંમાં વધારો થઈ રહ્યો છે. ગત રોજ લઘુમતી વિસ્તારના ભાગોળમાં એક ૬૮ વર્સીય મહિલા અને ૭૦ વર્સીય પુરૂસને કોરોનાનું રિપોર્ટ પોઝિટિવ આવતા ભાગોળ જમાલવાવ મોચીવાડા સૈયદ વાડા તંત્ર દ્વારા કન્ટેનમેન્ટ કરી માર્ગોની અવરજવર ઉપર પ્રતિબંધ લગાવામાં આવ્યો છે.

# હિંમતનગર સિવિલમાં કોરોનાના ૨૦૦ ટેસ્ટ થયા પણ એકપણ પોઝેટીવ કેસ ન આવ્યો

## નવુ મશીન લવાયા બાદ બે દિવસથી મશીનને કાર્યરત કરાયુ : સાબરકાંઠા જિલ્લો કોરોના મુક્ત થવા જઈ રહ્યો હોવાનો તંત્રનો દાવો

હિંમતનગર, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લામાં અત્યાર સુધી તંત્રના દાવા મુજબ કોરોનાના ૮૦ કેસ નોધાયા છે જે પૈકી ૩ દર્દીઓના મોત નિપજ્યા છે. દરમિયાન છેલ્લા બે દિવસથી સાબરકાંઠા જિલ્લામાં અચરજ પમાડે તેવી ઘટના બની રહી છે અને આ બે દિવસમાં કોરોનાનો એકપણ પોઝેટીવ કેસ નોધાયો નથી તે સારી બાબત છે પરંતુ કેટલાક લોકો તંત્રના આ દાવાને શંકાની નજરે જોઈ રહ્યા હોય તેમ મનાઈ રહ્યું છે. હાલ તો હિંમતનગર સિવિલમાં લવાયેલ કોરોના ટેસ્ટનું નવુ મશીન બે દિવસથી કાર્યરત થયુ હોવાને કારણે તબિબોને ગાંધીનગરની લેબ પર આધાર રાખવો પડતો નથી. આ અંગેની વિગત એવી છે કે સાબરકાંઠા જિલ્લાના તમામ તાલુકાઓમાં અત્યાર સુધી કોરોનાના લગભગ ૮૦ કેસ પોઝેટીવ નોધાયા બાદ આરોગ્ય વિભાગ અને વહિવટીતંત્રના અધિકારીઓએ કેન્દ્ર અને રાજ્ય સરકારની ગાઈડલાઈન્સ મુજબ કાર્યવાહી કરીને કોરોન્ટાઈન, હોમકોરોન્ટાઈન, બફરઝોન તથા કન્ટેઈમેન્ટઝોન પાડીને કેસની સંખ્યાની આધારે સાવચેતીના પગલા લઈને કલેકટરે બહાર પાડેલા જાહેરનામાનો ચુસ્ત અમલ કરાઈ રહ્યો છે. જોકે અત્યાર સુધીમાં કોરોના સામેની લડતમાં જિલ્લાના ૩ લોકોએ હારીને પ્રભુશરણ થઈ ગયા છે. જ્યારે હિંમતનગર સિવિલ અને કોવિડ-૧૯માં મુકાયેલી મેડીસ્ટાર હોસ્પિટલમાંથી ૨૮ દર્દીઓ કોરોનાથી મુક્ત થતા તેમને રજા આપવામાં આવી છે. તંત્રના જણાવાયા મુજબ ૨૦ મે સુધીમાં જિલ્લામાં ૨૪૦૨ શંકાસ્પદ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા જોકે તાજેતરમાં હિંમતનગરની મેડીકલ કોલેજમાં કોરોના સહિતના અન્ય ટેસ્ટ માટે નવા વસાવાયેલા આ મશીન દ્વારા બે દિવસમાં ૨૦૦થી વધુ ટેસ્ટ કરાયા હોવાનું એપેડેમીક ઈન્ચાર્જ ડૉ. ચિરાગભાઈ મોદીનું કહેવું છે. તેમના માનવા મુજબ બે દિવસમાં એકપણ કોરોનાનો પોઝેટીવ કેસ નોધાયો નથી જે સારી બાબત છે. પરંતુ પ્રજાનું માનવુ છે કે એવો તો કેવો ચમત્કાર થયો કે બે દિવસમાં સાબરકાંઠા જિલ્લો કોરોના મુક્ત થવાની દિશામાં તેજગતિએ હરણફાળ ભરી રહ્યો છે તે ખરેખર માનવામાં આવતુ નથી તેમ છતા તંત્ર કહે તે સ્વિકારવુ રહ્યું. કોરોનાની વાત કરીએ તો સાબરકાંઠા જિલ્લામાં તંત્રના કહેવા મુજબ ટેસ્ટીંગની કામગીરી ચાલુ છે અને લોકો કોરોનાના માહોલમાં જીવતા પણ શીખી ગયા છે. પરંતુ એટલુ ચોક્કસ છે કે જો આમ જ ચાલશે તો કદાચ આગામી દિવસોમાં કોરોનાનો વિસ્ફોટ થાય અને લોકો તેના ભયથી નાસીપાસ થાય તે અગાઉ તંત્રએ ચોગ્ય આયોજનો કરીને વિચારવું જોઈએ. દરમિયાન હવે તો પ્રજા ધંધા રોજગાર કે નફા નુકસાનનું સરવૈયુ માંડવાને બદલે હાલ તો ઘરે રહી સલામત રહેવામાં માની રહી છે. અત્રે યાદ રહે કે કોરોના મુક્ત સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તંત્ર દ્વારા જે રીતે કામગીરી કરાઈને દાવા કરાઈ રહ્યા છે પરંતુ જો કોરોનાનો વિકરાળ પંજો વધુ ફેલાશે તો તે સમયે શું થશે તેની કલ્પના કરવી મુશ્કેલ છે.

# માલપુરના ટુણાદર ગામે જમીન મામલે ખેલાયો ખૂની ખેલ

## પિતા અને બે પુત્રોએ જમીન માલિકનું ઢીમ ઢાળી દેતા ચકચાર

માલપુર, તા. ૨૭

લોકડાઉનમાં હત્યા અને આત્મહત્યાના બનાવો સતત વધી રહ્યા છે, જર, જમીન અને જોરૂ ત્રણે કજિયાના છોરૂ આ કહેવત મુજબ અરવલ્લી જીલ્લાના માલપુર તાલુકાના ટુણાદર ગામે જમીન અંગે પ્રજાપતિ અને પગી પરિવાર વચ્ચે ચાલતી બબાલ માં સોમવારે સવારે પગી પરિવારના પિતા અને બે પુત્રોએ બાલુભાઈ ધુળાભાઈ પ્રજાપતિ સાથે ખેંચતાણ કરી ધક્કામુક્કી કરતા બાલુભાઈ પ્રજાપતિ જમીન પર પટકાતા પ્રાણ પંખેરું ઉડી જતા ભારે ચકચાર મચી હતી. હત્યારાઓ નાસી છૂટ્યા હતા, મૃતકની લાશને બાયડ સરકારી દવાખાને ખસેડી પીએમ માટે તજવીજ હાથ ધરી માલપુર પોલીસે પિતા અને બે પુત્રો સામે હત્યાનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



ટુણાદર ગામના બાલુભાઈ ધુળાભાઈ પ્રજાપતિ ખેતર પાસે ગામના જ સાયબાભાઈ પગીનું ખેતર આવેલ હોવાથી સાયબાભાઈ પગી અને તેમના પુત્રો બાલુભાઈ પ્રજાપતિનું ખેતર પચાવી પાડવા માટે અવાર-નવાર બબાલ કરી ધમકી આપતા હતા. સોમવારે સવારે બાલુભાઈ પ્રજાપતિ ખેતરમાં ખેતી કામ કરી રહ્યા હતા ત્યારે સાયબાભાઈ પગી અને તેના પુત્ર વિક્રમ અને રાજુ ત્રણે મળી બાલુભાઈ સાથે ગાળાગાળી કરી ખેંચતાણ કરી ધક્કો મારતા બાલુભાઈ પ્રજાપતિ જમીન પર પટકાતા બેભાન થતા પરિવારજનો બાલુભાઈને તાબડતોડ બાયડ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડતા ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા પરિવાર પર આભ તૂટી પડ્યું હતું.

જમીનની બબાલમાં આધેડની હત્યા થતા માલપુર પોલીસે બાયડ સરકારી દવાખાને મૃતકની લાશને પીએમ માટે ખસેડી ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી.

માલપુર પોલીસે રમણભાઈ ધુળાભાઈ પ્રજાપતિની ફરિયાદના આધારે સાયબા ધુળાભાઈ પગી, વિક્રમ સાયબા પગી અને રાજુ સાયબા પગી વિરુદ્ધ ઈપીકો કલમ-૩૦૨, ૩૨૩, ૫૦૪, ૧૧૪ મુજબ ગુન્હો નોંધી હત્યારા પિતા-પુત્રોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# હિંમતનગરના નમસ્તે સર્કલ પાસે ભૂદેવને ગઠિયો ભેટી ગયો

## સાધુના સ્વાંગમાં વેગનઆરમાં આવેલા શખ્સ અને ડ્રાઈવરે કરામત કરી

હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં આવેલ નમસ્તે સર્કલ પાસે સોમવારે સવારના સુમારે એક ભૂદેવને વેગનઆર ગાડીમાં નિવસ્ત્ર સાધુના સ્વાંગમાં આવેલા શખ્સ તેમજ ડ્રાઈવરે રૂા.૫૪ હજારની મત્તાના સોનાના દાગીના પડાવી રફુચક્કર થઈ જતા ઠગ સાધુથી છેતરાયેલા વયોવૃધ્ધ ભૂદેવે હિંમતનગરના એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં મંગળવારે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દર્જ કરી સીસી ટીવી તેમજ ઠગાઈ કરનાર શખ્સના સ્કેચ તૈયાર કરાવવા સાથે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

શહેરમાં ધોળા દહાડે બનેલી ઠગાઈની ઘટના સંદર્ભમાં એ ડીવીઝન પોલીસ સ્ટેશનના સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત અનુસાર ખેડતસીયા રોડ પર આવેલ ગંગોત્રી સોસાયટીમાં રહેતા ૭૪ વર્ષીય વયોવૃધ્ધ મહેશભાઈ ગણપતરામ જાનીને સોમવારે સવારના સુમારે નમસ્તે સર્કલ પાસે એક નંબર વગરની વેગનઆર ગાડીમાં નિવસ્ત્ર હાલતમાં સાધુના સ્વાંગમાં બેઠેલો શખ્સ ભેટી ગયો હતો. જે શખ્સે મહેશભાઈ જાની સાથે કરામત કરી તેમની પાસેથી સોનાની ત્રણ વીંટી, માદળીયા સાથેની એક સોનાની ચેન મળી કુલ ૨૭ ગ્રામ વજનના રૂા.૫૪ હજારની કિંમતના સોનાના દાગીના પડાવી લીધા હતા. સાધુના સ્વાંગમાં આવેલા શખ્સે મહેશભાઈને પનોતી ચાલે છે તેવુ કહી પ્રથમ એક રૂપિયો માગી પછી તેમને રચેલ માયાજાળમાં ફસાવ્યા હતા. જયારે વયોવૃધ્ધે દાગીના આપી દીધા બાદ સાધુના સ્વાંગમાં વેગનઆર ગાડીમાં આવેલ શખ્સ તેમજ ગાડીનો ડ્રાઈવર વૃધ્ધના દાગીના સાથે ઘટના સ્થળેથી રફુચક્કર થઈ ગયા હતા.

સાધુ તેમજ ગાડીના ડ્રાઈવર સહિતના બંને શખ્સોને રફુચક્કર થતા જોયા બાદ વયોવૃધ્ધ ભૂદેવને પોતાની સાથે છેતરપિંડી થયાનું સમજાયુ હતું. જેથી તેમણે મંગળવારે હિંમતનગરના એ ડીવીઝન પોલીસ સ્ટેશને પહોંચી બનેલ ઘટના સંદર્ભમાં ફરિયાદ નોંધાવતા પોલીસે નંબર વગરની વેગનઆર ગાડીના ચાલક અને સાધુના સ્વાંગમાં આવેલ શખ્સ વિરુધ્ધ ઠગાઈનો મામલો દર્જ કરી ઘટના સ્થળ વિસ્તારના સીસી ટીવી કેમેરાના ફૂટેજ મેળવી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# મોડાસા શહેર કોંગ્રેસ સમિતિએ મામલતદારને આવેદનપત્ર આપ્યું

## વીજબીલ, વેરામાફી ખેડૂતોને ધિરાણ પરત મુદત વધારવાની માંગ

લોકડાઉનના કારણે ધંધા-રોજગાર-ખેતી ઠપ્પ થતા રાજ્યના મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગના લોકોની આર્થિક પરિસ્થિતિ કફોડી બની છે. ત્યારે પ્રજાની લાગણી અને માંગણીને વાચા આપવા પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાની સૂચનાના આધારે મંગળવારે રાજ્યના તમામ શહેર, તાલુકા અને જિલ્લાના કલેકટર અને મામલતદારને આવેદનપત્ર આપવાનું કાર્યક્રમનું આયોજન કર્યું હતું જે અંતર્ગત મોડાસા શહેર કોંગ્રેસ સમિતિએ મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું.



મોડાસા શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ ઈકબાલ હુસેન ઈપ્રોલીયા, મોડાસા નગરપાલિકા વિરોધ પક્ષના નેતા જી.આઈ. ખાલક, શહેર મહામંત્રી રાહુલ પટેલ અને શહેર કોંગ્રેસ દ્વારા મામલતદારને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે લોકડાઉનના પગલે તમામ લોકોના ૩ માસના લાઈટબીલ માફ કરવા તથા તમામ પ્રકારના વેરા માફ કરવા તેમજ નાના દુકાનદારોના કોમર્શિયલ ટેક્સ માફ કરવાની સાથે ખાનગી શાળાની આગામી શૈક્ષણીક વર્ષની પ્રથમ સત્રની ફી માફ કરવામાં આવે અથવા સરકાર આવી ફીની રકમની સહાય પૂરી પાડે તેમજ લાંબા ચાલેલા લોકડાઉનના વર્તમાન કપરા સંજોગોમાં કૃષિ ધિરાણની મુદલ અને વ્યાજ ભરવા માટે ખેડૂતો પાસે રોકડ રકમની સગવડ નથી ત્યારે સરકાર ધિરાણ પરત કરવાની મુદતમાં વધારો કરવાની સાથે ઓટો રિન્યૂઅલ અમલમાં મુકે અને વ્યાજ માફ કરેની માંગ કરી હતી.

# ડીસા માર્કેટયાર્ડ દ્વારા રૂપિયા ૧૦ લાખની સહાયના ચેક અર્પણ કરાયા

## અકસ્માતમાં મૃતકોના વારસદારોને રૂપિયા એક એક લાખની સહાય ચૂકવાઇ

ડીસા માર્કેટયાર્ડ દ્વારા અકસ્માત વીમા યોજના અંતર્ગત લેવામાં આવેલ અકસ્માત વીમા પોલિસી હેઠળ જુદા જુદા અકસ્માતમાં મૃત્યુ પામનાર મૃતકોના વારસદારોને રૂપિયા એક એક લાખની સહાયના ચેક અર્પણ કરવામાં આવ્યા હતાં.



ઉત્તર ગુજરાતમાં મોખરાનું સ્થાન ધરાવતી અને બનાસકાંઠા જીલ્લાની અગ્રણી સહકારી સંસ્થા શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ડીસા (ડીસા માર્કેટયાર્ડ) ના ચેરમેન માવજીભાઇ દેસાઇ તેમજ સંચાલક મંડળ દ્વારા ડીસા શહેર તેમજ તાલુકાની જનતાને અકસ્માત વીમા યોજના હેઠળ અકસ્માત વીમા સુરક્ષા કવચ પુરૂ પાડવામાં આવ્યું છે. ત્યારે ડીસા તાલુકાના જુદા જુદા અકસ્માતમાં મૃત્યુ પામનાર ૧૦ જેટલાં મૃતકોના વારસદારોને રૂપિયા એક એક લાખની સહાય મંજૂર કરવામાં આવી હતી. આથી બુધવારે ડીસા માર્કેટયાર્ડના સેક્રેટરી એ.એન.જોષીના હસ્તે તેમજ લાખણી માર્કેટયાર્ડના સેક્રેટરી દલપતસિંહ દરબાર અને ડીસા માર્કેટયાર્ડના ઈન્સપેક્ટર પરબતજી વાઘણીયા ની ઉપસ્થિતિમાં ડીસા શહેરના વેલુનગર ખાતે રહેતા સ્વ. કાનજીભાઈ રામજીભાઈ પ્રજાપતિના વારસદાર ચેતનાબેન કાનજીભાઈ પ્રજાપતિને રૂપિયા એક લાખની સહાયનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

## ભિલોડામાં સગર્ભા મહિલાને રક્તદાન

ભિલોડા,તા.૨૭

ભિલોડામાં સગર્ભા મહિલાને રક્તદાન કરાયું હતું.ભિલોડા અને નારણપુર ગામના યુવાનોની સેવાકીય પ્રવૃત્તીને સૌ-કોઈએ બિરદાવી હતી.નારણપુર ગામના સામાજીક કાર્યકર કરણભાઈ ઠાકોરના જણાવ્યા મુજબ નવી વસવાટ (માલાવાવ) વિસ્તારના ઠાકોર સમાજની એક સગર્ભા મહિલાને પ્રાઈવેટ હોસ્પિટલમાં પ્રસુતિ અર્થે લઈ ગયા હતા. પરંતુ મહિલાને રક્તની તાત્કાલીક જરૂરીયાત હોઈ તેવા મેસેજ સોશિયલ મીડીયામાં વાઈરલ થયેલ હોઈ ત્યારે ચિરાગભાઈ ઠાકોરએ રક્તદાન કર્યું હતું. રક્તદાન મહાદાન સુત્રને સાર્થક કર્યું હતું.

**ઘરમાં રહો...**
**સુરક્ષિત રહો...**

# ધાનેરા પંથકમાં વેપારીઓ ચીજ વસ્તુઓમાં ખુલ્લી લુટ ચલાવી રહ્યા છે, તંત્ર મૌન

## કોઇ કહેનાર નથી નગરપાલિકા ચીફ ઓફિસર એસીમાં બેઠા છે દુનિયા જાય તેલ લેવા જેવી નીતિ

કોરોના ની મહામારી ચાલી રહી છે જેથી વ્યાપારી વર્ગ બે મહિનાથી લોકડાઉન હોવાથી ધંધા થઈ શક્યા નથી હવે લોકડાઉન ખોલવાથી નાના વેપારીઓ મોટા વેપારી ને ત્યાં થી સામાન લેવા જાય છે ત્યારે જે રકમ હોય તેનાથી ડબલ અને ત્રણ ગણી રકમ એ માલ વેચી રહ્યા છે બીડી ગુટકા જેવી વસ્તુ માં પણ ૧૨૫ની ચીજ ૧૬૦ રૂપિયામાં નાના વેપારીઓને ખરીદવામાં મજબૂર રહ્યા છે અને તે નાના વેપારીઓ પોતાનો નફો ઉમેરી રીટલ માલ વેચી રહ્યા છે આમ મોટા વેપારીઓ આવા સંકટ સમયમાં પણ નાના વેપારીઓ ની સાથે ખુલ્લી લૂંટ ચલાવી રહ્યા છે આ બાબતની જાણ નગરપાલિકાના ચીફ ઓફિસર તેમજ મામલતદાર ને લેખિતમાં રજૂઆત કરવા છતાં પણ આજ દિન સુધી ચીફ ઓફિસર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી અને નગરપાલિકા ના કર્મચારીઓ ને પણ કાર્યવાહી કરવા માટે



કહેવામાં આવતું નથી કેમ? જાણવા મળે છે કે અધિકારીઓ અને મોટા વેપારીઓ સાથે સેટિંગ ગોઠવાઈ ગયું છે? જેથી કોઈ કાર્યવાહી કરી શકતું નથી આ બાબતની જાણ અધિકારીઓને લખીત રજૂઆત કરી છે પણ અધિકારીઓ જ મિલીભગત હોવાથી ખુલ્લેઆમ ગરીબો લૂંટાઇ રહયા છે તેવુ લોક મુખે ચર્ચાઇ રહ્યું છે પ્રજા કેટલા સમય સુધી લુંટાશે રાજકીય માણસો પણ આ બાબતે ધ્યાન આપતા નથી ફક્ત ચૂંટણી વખતે જ મતદાર નું મોઢું જોવા માટે નીકળતા હોય છે આવા મહામારી સમયે નગરપાલિકાના ચીફ ઓફિસર શ્રી અઠવાડિયામાં એક વખત વોર્ડ ની મુલાકાત લેવી જરૂરી છે જેથી વોર્ડમાં કેવી પરિસ્થિતિ છે તે જોઈ શકાય અને લોકોના હિતમાં કામ કરી શકાય પરંતુ નગરપાલિકાના ચીફ ઓફિસર એસીમાં બેઠા છે ધાનેરા માં શું થાય છે તે જોવાનો પણ ટાઈમ નથી કે નથી કોઇ રાજકીય વગ ધરાવતા માણસોને પણ ટાઈમ નથી ગરીબ મજૂર વ્યક્તિ માટે બીડી એક અગત્યની ચીજ બની બેઠી છે તો એક સામાન્ય બીડી માં પણ વેપારીઓ ખૂબ લૂંટ ચલાવી રહ્યા છે નરેન્દ્રભાઈ મોદીના રાજમાં ભ્રષ્ટાચાર નાબૂદ કરવાની વાતો કરતા નેતાઓ ને શું ધ્યાનમાં નથી તો આ બાબતે કલેકટર સાહેબ શ્રી તટસ્થ કાર્યવાહી કરે તેવી લોકોની માંગ છે.

# અરવલ્લી જિલ્લામાં સુજલામ સુફલામ અંતર્ગત ૧૫૭ કામ પૂર્ણ

મોડાસા, તા. ૨૭

રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજયમાં ભૂગર્ભ જળસ્તર ઉંચા લાવવાના મહત્વાકાંક્ષી અભિયાન સુજલામ સુફલામ જળ અભિયાનનો રાજયવ્યાપી ત્રીજો તબક્કો ૨૦ એપ્રિલથી શરૂ કર્યો છે. જે અંતર્ગત અરવલ્લી જિલ્લામાં પણ જળ સંચયના ૧૨૬૭ કામો હાથ ધરાયા છે.

સમગ્ર રાજ્યમાં રૂ. ૪૧૪ કરોડના ખર્ચે ૧૪,૬૯૪ કામો રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કામોમાં મુખ્યત્વે જળસંચયના કામો, મનરેગા અંતર્ગત તેમજ લોકભાગીદારીથી હાથ ધરાશે. રાજ્યમાં આ સુજલામ સુફલામ જળ અભિયાનના બે તબક્કા અત્યાર સુધીમાં સફળતાપૂર્વક પાર પડયા છે. આ દરમ્યાન બે વર્ષમાં ૨૩,૫૦૦ લાખ ઘનફૂટ માટી-કાંપ ખેડૂતોએ કાઢી છે અને પરિણામે રાજયમાં જળસંગ્રહ ક્ષમતામાં વૃદ્ધિ થઈ છે.

અરવલ્લી જિલ્લામાં અભિયાન અંતર્ગત કરવાના થતા કામો માસ્ટર પ્લાન મુજબ ૧૨૬૭ કામો હાથ ધરનાર છે, જેમાંથી૧૫૭ કામો પૂર્ણ કરવામાંઆવ્યા છે. જયારે ૫૧૮ કામો પ્રગતિમાં છે. ચાલુ વર્ષે જળસંપત્તિ વિભાગના ૧૦૧૦, પાણી પુરવઠાના ૫૧, ગ્રામ વિકાસના ૧૦૮, વન વિભાગના ૬૯, વોટર શેડના ૨૩ તેમજ શહેરી વિસ્તારના ૬ મળી કુલ ૧૨૬૭ કામ કરાશે જેમાં જિલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરે સુજલામ-સુફલામ યોજના



અંતર્ગત તળાવો ઉંડા કરવાના ચાલતા કામો પૈકી મોડાસા નજીક ગાજણના તળાવની જિલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરે મુલાકાત લઈ ત્યાં ચાલતા તળાવ ઊંડું કરવાના કામનું જાત નિરીક્ષણ કર્યું હતું.

# ભિલોડાના મોટી વાંસળી ગામમાં કરીયાણાની કીટોનું વિતરણ



કોરોના વાયરસની મહામારીનું સંક્રમણ દિન-પ્રતિ-દિન વધતા લૉકડાઉન પાર્ટ - ૪ દરમ્યાન શ્રમજીવી પરીવારોની હાલત અત્યંત દયનીય હોઈ જીવન જરૂરીયાતની ચીજ વસ્તુઓ સેવાભાવી કાર્યકરો ઘરે ઘરે પહોંચાડી રહ્યા છે. મોટી વાંસળી ગામમાં મુંબઈથી આવેલ ચાર વ્યક્તિઓને તાજેતરમાં કોરોના પોઝિટીવ કેસ આવતા ભારે ફફડાટ ફેલાયો હતો.ભિલોડા તાલુકાના મોટી વાંસળી,નાની વાંસળી (હિંમતપુર) બે ગામને કન્ટેન્ટમેન્ટ ઝોન જાહેર કરેલ હોઈ આ વિસ્તારના પ્રજાજનોને જીવન જરૂરી ચીજ વસ્તુઓ લેવા માટે બહાર ન જવું પડે અને કોઈ તકલીફ ન પડે તે માટે ક્ષત્રિય ઠાકોર સમાજ યુવા વિચાર મંચ,ભિલોડાના સહયોગથી સેવાભાવી યુવાનો,કાર્યકરો ધ્વારા કરીયાણાની ૧૬૫ થી વધુ કીટોનું વિતરણ કરાયું હતું.